# સમ્યક્ત્વપ્રાપ્તિનું મૂળ કારણ

સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ સાક્ષાત્ પ્રધાન હેતુભૂત થતો નથી. સમ્યક્ત્વવાળાને જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ જેટલા પ્રમાણમાં હોય છે તેટલા પ્રમાણનો ક્ષયોપશમ મિથ્યાદૃષ્ટિઓમાં પણ હોય છે. એ માટે 'સમ્યક્ત્વપ્રાપ્તિનું મૂળ કારણ દર્શનમોહનો નિરાસ છે.' ખાસ પ્રયોજનભૂત આત્મા વિગેરે પદાર્થોમાં ભ્રાન્તિ ટળી જવી એ દર્શનમોહના નિરાસ ઉપર આધાર રાખે છે અને એનાથી સમ્યક્ત્વનો આવિર્ભાવ થાય છે. આવી રીતે સમ્યક્ત્વની પ્રાપ્તિમાં સાધારણ રીતે સંજ્ઞી પંચેન્દ્રિયોમાં જ્ઞાનાવરણનો જેટલો ક્ષયોપશમ હોય છે, તે કરતાં વધુ જ્ઞાનાવરણ ક્ષયોપશમની આવશ્યકતા હોતી નથી, કિન્તુ ઉપર કહ્યું તેમ ભ્રાન્તિ નિરાસની જ અગત્યતા છે. જો કે સર્વથા ભ્રાન્તિનો નિરાસ કૈવલ્યદશામાં થાય છે, પણ કેટલેક અંશે મુદ્દાની બાબતોમાં ભ્રાન્તિ ટળી ગઇ હોય તો ક્રમશઃ સર્વ ભ્રાન્તિરહિત એવી ઉચ્ચ સ્થિતિ ઉપર આવવું સહેલ થઈ પડે છે. જેમ વસ્ત્રનો એક છેડો સળગતાં ક્રમશઃ તે આખું વસ્ત્ર બળી જાય છે, તેમ આત્મભ્રાન્તિનું આવરણ એક દેશથી ખસ્યું એટલે તે સર્વથા નષ્ટ થવાને યોગ્ય થઈ જાય છે. જેમ બીજનો ચંદ્ર ક્રમશઃ પૂર્ણતા ઉપર આવે છે, તેમ ભ્રાન્તિના આવરણનો અંશ નષ્ટ થતાં જે બીજજ્ઞાન પ્રગટે છે તે ક્રમશઃ પૂર્ણતા ઉપર આવી જાય છે. એ કારણે સમ્યક્ત્વ એ ખરેખર મોક્ષવૃક્ષનું બીજ છે અને તેનું મુખ્ય-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા મૂળ કારણ '**દર્શનમોહનો નિરાસ**' એ જ છે.

**પ્ર.**–સમ્યક્ત્વનો એવો શું પ્રભાવ છે કે તેના અભાવમાં ચાહે તેટલું વિશાળ જ્ઞાન હોય, તો પણ તે અસમ્યગ્જ્ઞાન યા મિથ્યાજ્ઞાન કહેવાય છે? અને થોડું ને અસ્પષ્ટ જ્ઞાન હોય તો પણ સમ્યક્ત્વ પ્રગટ થયે છતે સમ્યગ્જ્ઞાન કહેવાય છે?

ઉ૦-ભગવાન્ તત્ત્વાર્થસૂત્રકારે જણાવ્યું છે કે–'**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्**।' યથાર્થરૂપથી પદાર્થોનો નિશ્ચય કરવાની જે રૂચિ તે સમ્યગ્દર્શન છે.

જગતના પદાર્થોને યથાર્થરૂપથી જાણવાની રુચિ સાંસારિક અને આધ્યાત્મિક બન્ને પ્રકારના અભિલાષોથી થાય છે. ધન, પ્રતિષ્ઠા આદિ કોઈ સાંસારિક વાસના માટે જે તત્ત્વજિજ્ઞાસા થાય છે તે સમ્યગ્દર્શન નથી, કેમકે–એનું પરિણામ મોક્ષપ્રાપ્તિ ન હોવાથી એનાથી સંસાર જ વધે છે; પરન્તુ આધ્યાત્મિક વિકાસને માટે જે તત્ત્વનિશ્ચયની રુચિ ફક્ત આત્માની તૃપ્તિ માટે થાય છે તે સમ્યગ્દર્શન છે. તત્ત્વાર્થસૂત્ર એ અધ્યાત્મશાસ્ત્ર છે, એટલા માટે એમાં સમ્યગ્જ્ઞાન કે અસમ્યગ્જ્ઞાનનો વિવેક આધ્યાત્મિક દૃષ્ટિથી કરવામાં આવે છે, પણ ન્યાય યા પ્રમાણશાસ્ત્રની માફક વિષયની દૃષ્ટિથી કરવામાં આવતો નથી. ન્યાયશાસ્ત્રમાં જે જ્ઞાનનો વિષય યથાર્થ હોય તે જ સમ્યગ્જ્ઞાન પ્રમાણ અને જેનો વિષય અયથાર્થ હોય તે જ અસમ્યગ્જ્ઞાન પ્રમાણાભાસ કહેવાય છે. પરંતુ આધ્યાત્મિક શાસ્ત્રમાં ન્યાયશાસ્ત્રને સંમત સમ્યગ્–અસમ્યગ્જ્ઞાનનો વિભાગ માન્ય હોવા છતાં પણ ગૌણ છે. અહિંઆ

Jain Education International	For Private & Personal Use Only	www.jainelibrary.org

જે જ્ઞાનથી આધ્યાત્મિક ઉત્ક્રાન્તિ થાય તે સમ્યગ્જ્ઞાન અને જેનાથી સંસારવૃદ્ધિ અથવા આધ્યામિક પતન થાય તે અસમ્યગ્જ્ઞાન, એ દૃષ્ટિ મૂખ્ય છે. એવો પણ સંભવ છે કે-સામગ્રી ઓછી હોવાને કારણે સમ્યક્ત્વી જીવને કોઈ વાર કોઈ વિષયમાં શંકા, ભ્રમણા, અસ્પષ્ટ જ્ઞાન પણ થાય, છતાં તે સત્યગવેષક અને કદાગ્રહરહિત હોવાથી પોતાનાથી મહાન, યથાર્થ જ્ઞાનવાળા અને વિશેષદર્શી પુરુષના આશ્રયથી પોતાની ભૂલ સુધારી લેવા હંમેશાં ઉત્સુક હોય છે ને સુધારી પણ લે છે. તે પોતાના જ્ઞાનનો ઉપયોગ મૂખ્યતયા વાસનાનાં પોષણમાં ન કરતાં આધ્યાત્મિક વિકાસમાં જ કરે છે, જેથી કરી સમ્યક્ત્વપ્રાપ્તિનું મૂખ્ય કારણ જ્ઞાનાવરણના ક્ષયોપશમ ઉપર નહિ, પરન્તુ દર્શનમોહના નિરાસ ઉપર છે.

## વ્યવહારુ અને આત્મિક જીંદગી

જેઓ પોતાની વ્યવહારુ જીંદગીને ચાહે છે તેઓ આત્મિક જીંદગી ખોવે છે અને જેઓ વ્યવહારુ જીંદગી ત્યાગે છે તેઓ આત્માના અનંત જીવનમાં જીંદગીનું સ્થાન પામે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org